શ્રી આર્યનૈતિક નાટક સમાજ.

“રા” માંડલીક.

નાટકનાં ગાયનો તથા ટુંકસાર.

વૈદ્ય ભગવાનલાલ ત્રીભુવને છાપ્યું.

ઠેકાણું સુબોધિની પ્રેસ, ૩૦૫, બજારગેટ કોટ, મુંબઈ.

કીંમત ૪ આના.

પ્રેમ અને મહોબ્બતનો બગીચો

આ દવાઓ ખાસ રાજા મહારાજા અને પ્રીન્સોને માટે બનાવી છે.

એક કલાકમાં અજબ શક્તિ પેદા કરનારી બળ બુદ્ધિ યાદશક્તિને તેજ કરી જાદુની માફક એકદમ ચમત્કાર બતાવનારી ખા

(કીંગ ઑફ ટોનીક પીલ્સ)

કાયમની શક્તિ મેળવવી હોય અને જુવાનીનો પુર જોસ શક્તિનો પાવર લેવો હોય તો (કીંગ ઓફ ટોનીક પીલ્સ વાપરો) આઠ દિવસ અજમાયસ માટે રૂ ૭૫)

(નાઈટ પીલ્સ.)

પ્રેમના વિલાસી જનો માટે ભોગીયો ગયા જુવાનીનું જોબન પ્રેમરસની ખરી મજા લેવી હોય તો આ પીલ્સ એકવાર વાપરો. ગોળી ૧ ની કીમત રૂ. ૫) અડધા કલાકમાં નાઈટ પીલ્સને અજબ ચમત્કાર જોવો હોય તો એક ગોળી વાપરી ખાતરી કરો.

પંદર મીનીટમાં ઈલેક્ટ્રીક પાવર લાવી અજબ શક્તી પેદા કરનારૂં.

શકિત સંજીવન તેલ છે.

એકદમ કૌવતનો પૂર જોસ પાવર લાવનારૂં અને શક્તિને સજીવન કરનારૂં આ તેલ છે.


શરીરની નબળી પડેલી નસોને જાડી અને લાંબી કરી કૌવતનો પુર જોસ પેદા કરે છે. પક્ષઘાત, લકવો સુન મારેલી નસો માટે અકસીર આ ચમત્કારીક તેલ છે કીં. તોલા ૧ ના રૂા. ૨૧૦) છે.

જવાબ માટે રૂપીયા બે આવે જવાબ મોકલવામાં આવશે હકીકત જાણવા માગતા હો તો રૂ ૧ મોકલો તો અમારી દવાઓનું કેટલોગ મોકલી આપીશું.

ડુબલ મેડીકલ હોલ. ૩૨, ચર્ની રોડ, મુંબઈ ૪

॥ ૐ ॥

શ્રી આર્ય નૈતક નાટક સમાજ.



"રા" માંડલીક.

નાટકનો ટુંક સાર તથા ગાયનો.



લેખક—મણીલાલ ત્રીભોવન ત્રીવેદી.



છપાવી પ્રસિદ્ધ કરનાર,

નકુભાઇ કાલુભાઇ શાહ.

માલેક—"શ્રી આર્ય નૈતિક નાટક સમાજ."

તારદેવ બાલીવાલા આંડ થીએટર મુંબઈ.



વિક્રમ સંવત ૧૯૭૫ ઇ. સ. ૧૯૧૯.

આવૃત્તિ ૩ જી પ્રત ૧૦૦૦



કીંમત રૂ. ૦-૪-૦

કેમ બા! તમોને નાટકનો શોક ઘણોજ લાગ્યો છે! વારૂ! કાંઇ નહી આજનો ખેલ સુખે જુઓ અને ગાન તાનમાં ચકચુર બનો.

કાલનો ભરુસો નથી ખાઇપીઇને મજા કરી લીઓ નહી તો ઝોરતો રહી જશો.

અને તેથીજ તમોને લાવવાની જરૂર છે કે રોયલ સ્વીટ-સલુન જે.

આજ જમાનાના અનુભવી કમરૂદીન ઇબ્રાહીમજીના માલીકી હેઠલ ચાલે છે ત્યાં તમો જરૂર પધારજો. નાટકની લહેરમાં દેસી મીઠાઇની મજાહ ભુલશો નહિ. અમારે ત્યાં એંસન્સના હલવા એકજ અવાજે મુંબઇમાં વખણાયેલા છે.

અને અમારા હલવાના બોકસની અમારી નવી પેટન્ટ છે;

રોયલ ફેન્સી સ્વીટમીટ સેલુન.

પ્રોપ્રાયટરઃ—કમરૂદીન ઇબ્રાહીમજી.

ઠેકાણું:—ક્રાફર્ડ મારકીટની સામે મુંબઇ.

ટેલીફોન નં. ૨૮૭૬.

"રા" માંડલીક, નાટકમાં આવતા મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.

રા" માંડલીક—જુનાગઢનો (સૌરાષ્ટ્ર) છેલ્લો રજપૂત રાજા.
મહમુદશાહ—(બેગડો) ગુજરાતનો સુલ્તાન.
એભલ-વાળો—વાળાક પ્રદેશનો ઠાકોર.
નાગાજણ—દેવી નાગબાઇનો પુત્ર અને સતી મીણલનો ભરથાર.
ચંપક—એભલવાળાનો કુમાર ને કેતકીનો ધણી.
મુસ્તફાખાં—મહમુદશાહનો મુખ્ય સીપેહસાલાર ને પાછળથી જુનાગઢનો સુબો.
કાંથડજી દાજી—વીરપરનો ઠાકોર ને (ખાનપુર નવાબનો ખંડીઓ.
દિવાન—કાંથડદાજીનો કારભારી.
માંડણ—રા" માંડલીકનો નીચ ખુશામતી સલાહકાર પાછળથી ખાનપુરનો બનાવટી નવાબ.

સ્ત્રી પાત્રો.

નાગલ—દેવી મનાતી પવિત્ર ચારણીયાણી, ને નાગાજણની માતા.
મીણલ—નાગાજણની સતી સ્ત્રી.
વીરમતી—રા" માંડલીકની અડગ. ટેકવાલી વિરાંગના મહારાણી.
જન્નતઆરા—મહમુદશાહ બેગડાની બેગમ.
કેતકી—એભલવાળાના આશ્રયે ઉછરેલી તેના સાળાની છોકરી પાછળથી કુમાર ચંપકની પત્ન.
તેજબા—કાંથડદાજીનાં કુંવરી
સોંધી—માંડણની અત્રળચંડી સ્ત્રી.

એ સિવાય સરદારો, ચારણો, દાસીઓ—વગેરે વિગેરે.

સ્થળ—સોરાષ્ટ્ર (કાઠીયાવાડ) અને ગુજરાત.

પ્રસ્તાવના.

પૂર્વ વૃતાંત.

ઇતિહાસમાં પ્રસિદ્ધી પામેલ પવિત્ર ગિરનારથી ભાગ્યેજ કોઇ અજાણ્યુ હશે આ નાટકનું સ્થળ તેજ પવિત્ર ગિરનારની તળેટીમાં આવેલ સમસ્ત સૌરાષ્ટ્રનું પાટનગર જુનાગઢ (જીર્ણદુર્ગ) છે.

રાખેંગારની પાંચમી પેઢીએ ઉત્પન્ન થએલો ખેંગાર પાંચમાનો પુત્ર આ નાટય પ્રયોગનો નાયક રા' માંડલીક પ્રથમાવસ્થામાં ઘણોજ ધર્મનિષ્ઠ ઉદારચિત્ત સદ્વર્તનશીલ અને પ્રજાપ્રિય નૃપાલ હતો તેને માટે એવી દંતકથા છે કે તેને હમેશાં પ્રભાતમાં પવિત્ર કાશીપુરીથી ગંગાજળ મંગાવી પ્રભાત સ્નાન કરવાનો નિત્ય નિયમ હતો પણ જે દુર્દૈવે બળીરાજા જેવાની પણ દાનવીરતા ખંડીત કરી વામન ચરણે નમાવ્યો હતો તેવાજ કોઇ દુર્દૈવે ગંગાજળ લાવનારની બુદ્ધિમાં વિભ્રમ ઉત્પન્ન કરી જુનાગઢના પાદરમાં એક કુવો કે જે હાલ પણ કમતીઆના નામે ઓળખાય છે તેના જળથી રા'ને સ્નાન કરાવ્યું અને જેમ મંથરાના પ્રતાપે શ્રી રામચંદ્રજીને વનવાસી થવું પડયું હતું. તેમ ગંગાજળ લાવનારના દોષે સૌરાષ્ટ્રના ગૌરવશાળી ઇતિહાસમાં ચીરકાળને માટે કલંકિત નામ મુકી જવું પડયું.

લોકવાયકા એમ કહે છે કે જુનાગઢની પડોશમાં પરમ દેવી ભક્ત મનાતી જગદંબા સ્વરૂપ "ચારિણીયાણી નાગલબાઇનો નેહ

હતો અને તે નાગલબાઇની સત્તા રા' માંડલીક કરતાં પણ વિશેષ હતી કારણ કે દૈવી તેજ આગળ માનુષી તેજ કુદરતી રીતે ઝાંખુ પડે એ સ્વાભાવિક છે. તે નાગલબાઇના દિકરા નાગાર્જુન અથવા (નાગાજણ) ની લાવણ્યવતી પત્નીણી સ્વરૂપ સતી સ્ત્રી નામે મીણલ દેવી હતી.

રા' માંડલીકને ખાનગી સલાહકાર માંડણ નામે એક હજામ હતો તે એક વખત રા' ને આશ્ચર્ય પમાડવા મીણલના નખ ઉતારી લાવ્યો હીરાકણી સમાન ચળકતા નખોએ રા' ના મનમાં મીણલનું સર્વાંગ સૌંદર્ય નીહાળવાની ભાવના ઉત્પન્ન કરી માંડણે તેને ચડાવ્યો તેના ભાગ્યબળે તેને પ્રેરણા કરી જેથી રાજા મોહમાં પડયો. અને એજ ભાવનાએ રાજાને ઉન્નતિના શીખરેથી ગબડાવી અધોગતીમાં નાંખ્યો પાપ વાસનાને વશ થએલો કુમતીથી ઘેરાએલો કાળબળથી પ્રેરાએલો રાજા આખરે મીણલના મોહમાં અંજાઇ કુળ કીર્તિનો નાશ કરી અંતે પોતાની પાપવાસનાનો પોતેજ ભોગ થયો આજે રા' માંડલીક પોતાના તેજનીચ ખુશામતી ખાનગી સલાહકાર માંડણ હજામને લઇ છડી સ્વારીએ ચારણી દેવીના મંદીરે સતી મીણલનું સૌંદર્ય નીહાળવા શીકારને બ્હાને આવ્યો છે ત્યાંથી આ નાટકની શરૂઆત થાય છે.

શ્રીગણેશાય નમઃ

"રા" માંડલીક નાટકની ટુંક પ્રવેશવાર હકીકત.

મંગળાચરણ.

વસ્તુ સુચન.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો. સ્થળ ચારણીદેવીનું મંદીર.

સૌરાષ્ટ્રમાં દેવી સ્વરૂપ મનાતી ચારણીયાણી નાગબાઇની પુત્રવધુ મીણલદેવીનું સાહેલીઓ સાથે દેવી પુજન કરવા આવવું તેના દૈવી સૌંદર્ય પર મોહીત થયેલ જુનાગઢના રા' માંડલીક પોતાના ખાનગી કારભારી માંડણ હજામ તથા દરબારી રીસાલા સાથે મીણલને નીરખવા આવવું સતિ નાગબાઇએ પુત્રવધુ મિણલસાથે રા'ને વધાવવા આવવું અને મીણલને રા'ને તિલક કરવા આજ્ઞા કરવી પણ જો તિલક કરશે તો ધર્મની બ્હેન ગણાશે એવી ભ્રાંતિથી માંડલીકે ચારે દીશામાં ફરવા માંડયું. મીણલે ગભરાઇ સાસુજીને કહેવું કે, આઇ રા'તો ફરે છે નાગબાઇએ રાજાનો કપટી હેતુ સમજી જવાબ આપવો કે એ રા' નથી ફરતો પણ રા'નો દી ફરે છે બાદ રા'એ જવાબ આપવો.

"હા મારો દીન ફરે છે"

"સફળ થાશે જીંદગી, આ સુંદરી સંયોગથી.
ભલે મારો દિવસ ફરતો, વિધાતાના યોગથી"

નાગબાઇએ અન્નદાતાનું અનિષ્ટ ન થાય એવા હેતુથી રા'ને ઘણો વિનવ્યો, સમજાવ્યો, પણ બધુ પત્થરપર પાણી મીણલ સ્હેલાઇથી નહી મળશે તો આખરે બળાત્કારે પણ હરી જવાની ધમકી આપવી આખરે નાગબાઇએ સહનશીલતાની હદ આવતાં જુનાગઢના ક્ષત્રિય કુલગૌરવપર ઘોર નિશા પ્રસરાવનાર શાપાક્ષરો ઉચાર્યા કે,

"ગઢ જુનાની પોળ, દામો કુંડ દેખીશ નહિ
રતન પડશે રોળ, મું સંભાયે માંડલીક"
"દરવાજે દરવાન, રા'ના કોઇ [illegible] નહિ
પહેરીગીર પઠાણ, મહમુદ શાહના માંડલિક"
"ભૂલ્યો રાજા ભીંત, નાગલને નમ્યો નહિ
મંદીર ઠેકાણે મસીદ મુંસભાયે માંડલીક"

શ્રાપ આપી અંગમાંથી અગ્નિ પ્રગટાવી નાગબાઇએ જ્યોતિમાં સમાવું, માંડલીકે મીણલને પકડવા જવું અચાનક તુળજાપુર અથવા (તળાજા)ના ઠાકાર એભલવાળાએ આવી મીણલને છોડાવી પોતાના આશ્રયે લઇ જવી.

(ટેબ્લો.)

પ્રવેશ ૨ જો.—[illegible]ના ખાનગી કારભારી માંડણ હજામનું ઘર.

જુવાનીમાં દીવાની બનેલી ખુશામતથી કારભારી બનેલા હજામ માંડણુની અટક ચાળી આ મોંઘીએ સ્વામી તરફથી હૈયા હોળીની બળતરા કરતાં દેખાવું માંડણે કારભારીનો હોદ્દો મળવાથી ફુલાતા આવવું ધણી ધણીયાણીની તકરાર આડે લાકડે આડોવેર એ ન્યાય વાપરી માંડણે મોંઘીને રીઝાવવી.

પ્રવેશ ૩ જો—ગુજરાતના રાજનગર અહમદાવાદમાં સુલતાન મહમુદશાહનો શાહી બગીચો.

યૌવન વસંતની ખીલતી કળી બગીચાના ગુલોને પણ પોતાની સૌંદર્ય પ્રભાથી ઝાંખી કરતી અમદાવાદના શાહ સુલતાન મહમુદ બેગડાની બેગમ જહન્નતઆરાનું રાત્રી ક્રીડાઅર્થે ઉપવનમાં સાહેલીઓ સાથે આવવું મીઠી માર્મીક શૃંગાર ચેષ્ટા છુપાઇને જોનાર શાહને ફુલબંધનથી બંદીવાન કરવાની શીક્ષા કરવી, વિલા ની અતિશયતાથી થાકી શાહનું બગીચામાં નિદ્રાધીન થવું નિદ્રામાં તેને જુનાગઢનું ગૌરવ ગીરનારનું સૌંદર્ય વિગેરે ગયબી સ્થાનોનું દેખાવું અને તેમાં તેને પાક પરવરદીગાર જુનાગઢપર હલ્લો કરવા ફરમાવે છે એવું સૂચન થવું. શાહે ગભરાઇ જાગી ઉઠવું. બેગમે શાહને અશાન્તિભર્યા વિચારો છોડવા વિનવવું પરંતુ જુનાગઢપર મુસલમાની ઝુંડો ફરવાનું નિર્માણ હોઇ ભાગ્યદેવીનું તાજ અને તલવારસહીત મહમુદશાહને દર્શન થવું. (ટેબ્લો.)

("એકની સત્તા બીજાને આપી ઉદય અને અસ્તની સમાનતા દેખાડનાર દૈવી કળા કેટલી અકળ છે. કે જે દીવસે નાગબાઇએ રા' માંડલીકને શાપ આપ્યો તેજ રાત્રે મહમુદે જુન

ગઢપર ઇસ્લામી ઝુંડો ફરકતો સ્વપ્નમાં જોયો આર્યાવર્તની સતીઓનાં શબ્દમાં શું રહસ્ય છે તે વાચકો તમેજ સમજી લેશો")

પ્રવેશ ૪ થો—કારભારી માંડણ હજામનું ઘર.

માંડણની સ્ત્રી મોંઘીનું તેની ન્યાતવાળીઓ સાથે આવવું ન્યાતવાળીઓએ મોંઘીને બનાવવી. પાછળથી માંડણનું લડાઇમાંથી છુપાવા ઘરમાં આવવું પરંતુ માંડણની ઇચ્છા ઉપરાંત મોંઘીએ તેને લશ્કરી તાલીમ આપી લડવા મોકલવો અવળચંડી સ્ત્રીનાં સ્વભાવનો આબેહુબ ચિતાર.

પ્રવેશ ૫ મો—લડાઇનું મેદાન.

એક વખતનો વિરકેશરી ગણાતો સમરાંગણમાં કેસરી સમાન ગરજતો અડગ વિજેતા નરવિર રા' માંડલીક આજે સતીના શ્રાપના પ્રભાવે હતાશ નીરવીર્ય અને બીરૂ થઇ પોતાનો જીવ બચાવવાની લાલસાથી કીલ્લામાં ભરાવા પોતાના સાથી માંડણ સાથે લડાઇનું મેદાન છોડી નાસી આવે છે, દરવાનને દરવાજો ખોલી અંદર લેવા રા' નું ફરમાન, પરંતુ લડાઇનું મેદાન છોડી આવનાર રાજા હવે હુકમ કરવા લાયક નથી તેવાં મેણાં મારતી પોતાની સાહેલીઓ સાથે કેશરીઆ કરવા નીકળેલી બહાદુર રાણી વિરમતી કીલ્લામાં દાખલ થતા રાજાને અટકાવે છે. રા' તથા રાણીની રકઝક વિરરમણીની અડગતા રા' માંડલીકની બીરૂતા છેવટે તલવાર ફેંકી રા'નું નાશી જવું બાદશાહના સીપેહસાલર મુસ્તફાખાનનું આવવું રાણીની વિરતા છેવટે મુસ્તફાખાનને હાથે રાણીનુ

દગાથી કેદ થવું સુલ્તાન મહમ્મુદનું આવવું અને આવી બહાદુર રમણી કેદને યોગ્ય નથી પણ માનને યોગ્ય છે એમ કહી છુટી કરવાનું ફરમાન નાસી છુટેલા 'રા' માંડલીક તથા માંડણનું મુસલમાન સીપાઇઓને હાથે કેદ પકડાવું.

(ટેબ્લો.)

અંક બીજો.

પ્રવેશ ૧ લો—જુનાગઢમાં સુલ્તાન મહમ્મુદનો શાહી દરબાર.

લાખ્ખોના પાલનહાર હજારોને જમીન જાગીરોની નવાજેશ કરનાર સોરઠના ક્ષાત્રવિર ર" માંડલીકનું ગુજરાતના ન્યાયી સુલ્તાનની સમક્ષ બંદીવાનની દશામાં આવવું નાગબાઇના પુત્ર અને મીણલના સ્વામી નાગાજણને તેની માતાના નિરર્થક આત્મ બલીદાન માટે ઇન્સાફની રાહે ખુનનો બદલો ખુનથી લેવા શાહી ફરમાન નાગાજણની ઉદારતા અને ખુન માટે આપેલી તલવાર 'રા' ના ચરણમાં મુકી પોતાના અન્નદાતા માટે તે ન્યાયી સુલ્તાન પાસે ક્ષમાની યાચના કરવી મહમ્મુદશાહનું ખુશી થવું બાદ રા' માંડલીક કે જેની બહાદુર રાણીને પોતે (સુલ્તાનને) ધર્મની બ્હેન માનેલ છે તેના માનની ખાતર રા'ને માફી આપવી, અને જુનાગઢના સુબાતરીકે પોતાના સીપેહસાલાર મુસ્તફાખાનને નિમવો.

પ્રવેશ બીજો—રા' માંડલીકનું અંતઃપુર.

સમયની પ્રબળતાના વિચારોમાં શોક નિમગ્ન બનેલી મહારાણી પોતાના સ્વામી તથા માંડણને સુબા મુસ્તફાખાન સાથે

કોઇક ખાનગી મસલત કરતા જનાનખાનામાં આવતા જોઇ ચમકે છે ને છુપાઇને સાંભળે છે માંડણ અને માંડલીક રાજ્ય-લોભી ભોળા મુસ્તફાખાનને ઉંધું ચતું સમજાવી પોતાને આપેલી સત્તાની ખુશાલી માટે મીજલસ ભરી તે મીજલસમાં સુલ્તાન મહમ્મુદને દારૂના ગ્લાસમાં અગર શરબતમાં ઝેર આપી નિરંકુશ સત્તા ભોગવવાનો દુષ્ટ સંકેત રચે છે. પોતે સુલ્તાન બનવાની લાલચે મુસ્તફાખાન ભોળવાય છે અને તેમ કરવાનો નિશ્ચય કરે છે. બાદ કરાર દસ્તાવેજ લખાવી પોતાના કામપર માંડણ સાથે જાય છે. છુપાઇને સાંભળતી રાણી પ્રગટ થઇ શાહે કરેલા ઉપકાર સામે ભરાતા અયોગ્ય પગલાં માટે ફીટકાર વર્ષાવે છે. પણ મતી ભ્રષ્ટ થયેલો માંડલીક રાણીને તુચ્છકારી સખ્ત ચોકીમાં રાણીને કેદ રાખવાનુ કહી પોતાના પ્રારબ્ધને આધીન થવા ચાલ્યો જાય છે.

પ્રવેશ ૩ જો—છાવણી.

નાચ ગાન થયા બાદ મુસ્તફાખાન શાહને શરાબનો જામ પીવા ધરે છે. પણ પાક દીલ શાહ શરાબને મજહબે ખીલાફ હરામ માનેલો છે. એ . .ી શરાબ પીવા ખુલ્લો ઇન્કાર કરે છે. કરેલો પ્રપંચ [illegible] ન જાય માટે મુસ્તફાખાન શરાબને બદલે શરબત આપે છે માંડણના કરેલા ગોટાળાથી ઝેરવાળો જામ મુસ્તફાખાન પી જાય છે અને પાક પરવરદીગારની મહેરથી મહમ્મુદશાહ બચી જાય છે, અને ખાડો ખોદે તે પડે તે ન્યાયે પોતાના પ્રપંચનો ભોગ મુસ્તફાખા પોતેજ થઇ પડે છે માંડણનું હકીમ બોલાવવા નિમીતે ભાગી છુટવું અંતીમ

કાળે શાહની માફી ચાહી 'રા' માંડલીકે કરી આપેલા દસ્તાવેજને શાહના કદમમાં રજુ કરી પોતાના પાપપુન્યનો ઇન્સાફ મેળવવા પ્રભુના દરબારમાં મુસ્તફાખાનનું જવું દસ્તાવેજથી રા' માંડલીકનું પાપ પ્રકાશમાં આવતાં " શઠં પ્રતિ શાઠયં કુર્યાત્ " એ સૂત્રને અનુસરી શાહનું રા' માંડલીકને શીક્ષા આપવા જવું.

પ્રવેશ ૪ થો—ધર્મશાળા

બીજલસમાંથી નાસી છુટેલો માંડણ અને તેની સ્ત્રી મોતી મુશીબતનો વિચાર કરતાં કોઇ ધંધો કરવાની વાતો કરે છે. મફતનું ખાઇ હરામ હાડકાં થઇ ગયેલા હોવાથી બન્ને નાટક કંપનીનો શોખીન ધંધો સ્વીકારવાનું પસંદ કરે છે નાટકના માલીક પાસે પરીક્ષા આપવા એક પાઠ ગોખે છે પાઠની કલમમાં કોણ કહે છે કે હું ખાનપુરનો નવાબ છુપા લીબાસમાં આ ધર્મશાળામાં નથી„ઉતર્યો એવું મોટેથી ગોખે છે ઉપરના વાકયો સાંભળી વિરપુર (કે જયાંની આ ધર્મશાળા છે)ના ઠાકોર કાંથડજી દાજીનો ચોકીદાર ચમકે છે અને ઠાકોર ખાનપુર નવાબનો ખંડીયો હોવાથી પોતાના નવાબસાહેબ પધાર્યા છે એવી વધાઇ આપી કાંથડજીદાજીને રીસાલાસાથે બોલાવી લાવે છે અને માંડણને સાચા નવાબ ઠરાવી દરબારગઢમાં લઇ જાય છે અહીંથી ગંભીર ગોટાળો શરૂ થાય છે.

પ્રવેશ ૫ મો—તુળજાપુર (તળાજા) એભલવાળાની રાજવાડી.

વસંતને વધાઇ દેવા આવેલી એભલવાલાની પુત્રવધુ કેતકી અને સાહેલીઓની નર્મ શૃંગાર ચેષ્ટા, વાળાપુત્ર ચંપકનું આગ-

મન. બાલ પ્રેમીઓની પ્રેમક્રીડા, રાળાને ત્યાં લાંબા સમયથી મહેમાન તરીકે રહેલી મીણલ દેવીનું અચાનક ત્યાં આગમન. તેને હરી જવાનો લાગ શોધતાં માંડલીકના સરદારોએ આવી તેને હરણ કરવાની ધમકી આપવી ચંપકકુમાર અને સરદારોની ઝપાઝપી બાલકુમારનું ઘાયલ થવું અને મીણલનું હરણ.

પ્રવેશ ૬ ઠો--વિરપુરમાં કાથડજીદાજીના દરબારગઢનો એક ભાગ.

પોતાપર આશક પડી હડકાયા થયેલ દાજીના કંટાળાથી કંટાળેલી મોંઘી (બનાવટી બેગમ) નું આવવું બાદ દાજીનું આવવું પ્રેમની માગણી મોંઘીનો પણ બનાવટી બેગમમાંથી રાજ રાણી થવાનો વિચાર પરસ્પર કબુલાત માંડણનું આવવું દાજીએ પોતાની પુત્રીનું વેવિશાળ માંડણ (બનાવટી નવાબ) સાથે કરવાની માગણી કરી પોતાનું આવવાનું કારણ ફેરવવું. લુચ્ચો માંડણ જે પ્રેમલીલા જોઇ ચુકયો છે તે પણ આંખ આડા કાન કરી સમયને માન આપી સગપણ કબુલ રાખે છે.

પ્રવેશ ૭ મો—ગીરનારની ગુફામાં સંકેત સ્થાન.

પોતાની પાપવાસનામાં વારેવારે આડી આવતી પવિત્ર ભગવતી મહારાણીનું કાસલ કાઢવા માંડલીકે તેને ગીરનારની ગુફામાં કેદ કરી છે ત્યાં તેનો વધ કરવા રાજઆજ્ઞાને લઇ સરદારનુ આવવું રાણીની ભવ્યતા જોતાંજ તેના પ્રત્યે સરદારની પુજ્ય બુદ્ધી થાય છે. અને હથીયાર તેના ચરણમાં મુકી દે છે. છુપાઇને જોઇ રહેલો માંડલીક સરદારપર ઉશ્કેરાઇને તેનું

ખુન કરે છે રાજાનું કરપીણુ કૃત્ય જોઇ રાણી કરૂણુ અવાજથી આવા પાપી કૃત્યોથી ગીરનારના પત્થરો પણ ત્રાહી ત્રાહી પુકારે છે એમ કહી આવા પાપી કૃત્યો ન કરવાનો ઉપદેશ કરે છે રા' માંડલીકનું ગુસ્સે થવું અને રાણીનું ખુન કરવા તઇયાર થવું તે વખતે હરણ કરી લાવેલ મીણુલને સરદાર લાવે છે. રાજા મીણુલના દેખતાં રાણીનું ખુન કરવા જાય છે મીણુલ તેને વારે છે. રાજા રાણીનો જીવ બચાવવા માગતી હોતો તારો પ્રેમ આપ એમ મીણુલ પાસે માગણી કરે છે. મીણુલ તેને સાચા હૃદયના પ્યારથી ધર્મનો ભાઇ કહી બોલાવે છે. આથી કામવાસનાથી બળતો રાજા વધુ ચીડાઇ રાણીનું ખુન કરે છે અને મીણુલને પટરાણી થવાની લાલચ બતાવે છે પણ મીણુલ એકની બે થતી નથી આખરે મીણુલને પણ ગુફામાં આગ લગાવી ગુંગળાવી રીબી રીબીને મારવાનું ફરમાન કરે છે પણ નિરાધારનો આધાર કીરતાર, ગુજરાતના શાહને ગયબી ફકીરના આકારમાં ત્યાં મોકલે છે. મહમ્મુદશાહ અને મીણુલના સ્વામી નાગાજણને જોઇ માંડલીક ગભરાય છે મરણીઓ થઇ સુલ્તાન સાથે લડે છે આખરે કેદ થવાની બીકથી હારખાઇ નદીમાં કુદકો મારે છે.

(ટેબ્લો.)

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો--તુળજાપુર (તળાજા)ની ભાગોળમાં નદીનો કીનારો.

નદીને કીનારે પાણી ભરવા આવેલી કન્યાઓ રા' માંડલીક અને એભલવાળો બન્નેમાં શું ગુણ દોષ છે તે વિષે ચર્ચા કરતી

ઉભી છે ત્યાં પાસા ઉંધા વળવાથી દીવાની હાલત ભોગવતો માંડલીક હાથમાં ગુલાબનો છોડ લઇ પોતે દુઃખી હોવા છતાં ગુલાબ હજી ગુલાબી કેમ છે એ માટે ઠપકો દેતો આવે છે. તેને જોઇ કન્યાઓ ગભરાઇ મીણુલને ચેતાવા ચાલી જાય છે. માંડલીકને નાગલ તથા રાણીના ચીત્રોનું દેખાવું તે જોઇ ગુસ્સાના આવેશમાં પત્થરો સાથે માથું કુટે છે તેને લોહી લુહાણુ જોઇ મીણુલ પૂર્વનું વૈર ભૂલી દયાની દેવી બની પોતાનો એક વખતનો અન્નદાતા માની તેને ખોળામાં લઇ લે છે. અચાનક નાગાજણ પ્રવેશ કરે છે મીણુલને માંડલીકનુ માથું ખોળામાં લઇ સારવાર કરતી જોઇ વ્હેમી થાય છે. મીણુલ એની દશાપર મનસ્વી તર્ક વિતર્ક કરે છે જેથી નાગાજણ વધુ વ્હેમી બને છે આખરે મીણુલ બહારથી સતીત્વનો ડોળ કરી અંદરથી માંડલીકને ચ્હાય છે એમ કહી તેને ફીટકાર આપી સ્ત્રી જાતની નિંદા કરે છે. મીણુલ બ્હાવરી બની પ્રાણેશને વિનવે છે વિનવણી નહીં માનતાં નાગાજણ તેની કસોટી કરવા ચ્હાય છે આખરે મીણુલ હારીને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, સૂર્ય અને ચંદ્રની સાક્ષી રાખી સોગન ખાય છે કે હું ભ્રષ્ટ હોઉં તો મારો દેહ, વગર અગ્નિએ બળજો, નહિ તો જુઠું બોલનારના ગાત્ર ગળજો. બોલતાં શું બોલાઇ ગયું સ્વામીને શાપ લાગ્યો મીણુલના મ્હોંમાંથી શબ્દો નીકળતાંજ નાગાજણનો દેહ ગળી ગયો. પતિનું અનિષ્ટ નહિ જોવા ઇચ્છતી સતી બળવા તત્પર થઇ ત્યાં અંતરીક્ષથી દેવી વાણીએ કહ્યું કે

"સાહસકાં પુત્રી કરે સજીવન કરવા પ્રાણ
વાળા કુળને શરણુ જા, કરશે પ્રભુ કલ્યાણ"

એટલે એભલવાળાનો પુત્ર ચંપક બત્રીસ લક્ષણો હતો અને બત્રીસ લક્ષણા માણસના રૂધીરનું સીંચન કરવામાં આવે તો સજીવન થાય એવો દેવી સંકેત હતો. હરી હરી ધર્મ સંકટ છતાં પણ ઇશ્વર ઇચ્છાને માન આપી મીણલદેવી વાળાને શરણે ચાલી.

પ્રવેશ ૨ જો કાંયડદાજીના દરબારગઢમાં મોંધીનો એકાંતવાસ.

નવાબજાદી મોંધીના રૂપ સાગરમાં ઝોકા ખાતાં કાંયડજીદાજી અહાને ઠપકો દેતો પ્રવેશ કરે છે મોંધી તેને બનાવે છે દાજીની તથા મોંધીની ઇશ્કબાજીથી ચીડાઇ મોંધીનું નાક કાપવા ઇચ્છતો માંડણ છરો ઘસતો આવે છે. કાંયડજી માંડણની બીકે બાયડી બની જાય છે મોંધી અંદર ચાલી જાય છે. માંડણ કાંયડજીને મોંધી સમજી નાક કાપવા જાય છે. કાંયડજી ગભરાય છે. અચાનક માંડણની બહિબ્બની બૈરી એટલે કાંયડજીની કુંવરી તોફાન સાંભળી ત્યાં આવે છે. બહિબ્બના ભરથારને કસાઇના અવતારમાં જોઇ ગભરાઇ દીવાનને બાપુને તેડવા મોકલે છે. બાપુ ન જડવાથી દીવાન ત્રિલે મોઢે પાછો આવે છે. દાજીથી હવે રહેવાતું નથી એટલે દીવાનને ખરી સ્થીતી જણાવી દે છે માંડણ મોંધાને વળી દિવાન સાથે ખાનગી કરતી જોઇ મગજ તદન ગુમાવે છે અને બસ તેંતો હદ કરી મોંધી એમ મોટેથી બોલે છે મોંધી

પોતાનું નામ સાંભળી બહાર આવે છે ઓટાળો ખુલ્લો થઈ જાય છે.

પ્રવેશ ૩ જો—એભલવાળાને ત્યાં રચવામાં આવેલો લગ્ન મંડપ.

એભલવાળાને આંગણે ઉછરંગભર્યાં દંપતી પરણી રહ્યાં છે તેનો આનંદ છવાઇ રહ્યો છે. ત્યાં સતી મીણલ પોતાના ભરથારના ગએલા દેહને કરંડીયામાં લઇ આવી પહોંચે છે. એભળવાળો તેને નિસ્તેજ જોઇ ગભરાય છે. વસ્તુ સ્થિતિ એમ છે કે મીણલે એક વખત એભલવાળાને સંકટમાંથી બચાવી પ્રાણદાન દીધું હતું અને તે ઉપકારના બદલામાં વાળાએ મીણલ માગે તો પોતાનો જીવ પણ આપવા વચન આપ્યું હતું આખરે એ પ્રસંગ આવી લાગ્યો પણ મીણલની કહેતાં જીભ ઉપડતી નથી નવીન પરણતાં દંપતીના હૃદયમાં તેની માગણી સાંભળતાં શો વિચાર થશે એ વિચાર તેને કંપાવે છે વાળો વધુ સંકાશીલ બને છે આખરે કરંડીયામાં રહેલું સ્વામીનું શરીર બતાવી હું અભાગણીનાજ પાપનું આ પરીણામ છે એમ મીણલ જણાવે છે વરઘોડીયા પીતાને પગે લાગવા આવે છે ફોઇબાને અચાનક આવેલા જોઇ હર્ષ ઘેલો બનેલો કુમાર ફોઇબાને નમન કરી આશિર્વાદ માગે છે જીવન હરવા આવેલી મીણલના હૃદયમાં ઉછરંગભર્યાં દંપતીને જોઇ વજ્રાઘાત થાય છે પાછી ચાલી જવા તૈયાર થાય છે વાળો તેને આગ્રહ કરે છે તેના સંકટ નિવારણ માટે પોતાનું સર્વસ્વ આપવા કહે છે આખરે વાળાનો તથા તેના કુમારના અત્યાગ્રહ જોઇ

"શાપ કેરૂં નિવારણુ તારા વિના ના કોઇથી
શ્રાપ છે ટળનાર તારા પુત્ર કેરા લોહીથી."
"કેવો વિપરિત પ્રસંગ."
"મીંઢળ છુટયું ના હાથથી પીઠી ભરેલું અંગ છે
આશા ભરેલા પુત્રનો સહુ હૃદયમાં ઉછરંગ છે
તોરણુ હજી છે બારણે ચોરી હજી બાંધેલ છે
લગ્નને સ્થળ કતલખાનું શું વિધીનો ખેલ છે."

પીતાની ગભરામણુ જોઇ કુમાર પોતાનું શીશ આવેલા અતિથી માટે પીતૃ ચરણે ધરે છે. વાળો તેના શીશપર તલવાર ફેરવવા જાય છે મીણુલના મોંમાંથી આશ્ચર્યના ઉદગાર નીકળે છે કે--

"બોલો બોલણુ હાર બેવાળામાં કયો ભલો
શીરનો સોંપણુ હાર કે વાઢણુ હાર વખાણીએ"

વીર એભલવાળો વાળા કુળના ટેકપર પુત્રનું બળીદાન દઈ તેના આશાભર્યા લોહીથી મીણુલના સ્વામીનુ શરીર સીંચે છે, નાગાર્જણુ સજીવન થાય છે. પુત્રના વધથી ભેદાયલા હૃદયે વાળો આત્મઘાત કરવા જાય છે. મીણુલના સતીત્વપર અને એભલની ટેકપર પ્રસન્ન થઇ સાક્ષાત જગદંબા પ્રગટ થઇ તેના પુત્રને સજીવન કરે છે.

પ્રવેશ ૪ થો--કાથડદાજીનો દરબારગઢ.


બુદ્ધિનો ઉપયોગ કરવાથી તથા નવાબની તસ્બીર કાંથડજી દાજી પાસે હોવાથી માંડણુભાઇની નવાબીનું ટટ્ટુ બેસી જાય છે અને ગોટાળા પ્રકરણુ ખુલ્લું થાય છે કાંથડદાજી માંડણુને જબરદસ્તીથી ગુન્હેગાર ઠરાવી દંડની શીક્ષામાં પોતાની મનગમતી મોંઘાને મેળવી લઇ માંડણુભાઇને પાણેચું પટડાવી દેશનીકાલ કરે છે.

પ્રવેશ ૫ મો—જુનાગઢ પાસેનું જંગલ.

દેવી મીણલ તથા નાગાજણ પોતાની માતાના અસ્થીને લઇ કાશીએ જવા નીકળ્યા છે તે આ સ્થળે જળાશય હોવાથી ટીમણ કરવા રોકાય છે વળાવીયાનું ટીખળ બાદ માંડલીકનું એક ભીખારીને પણ શરમાવે તેવી દુખદ દુર્દશામાં દેવી નાગલે આપેલા શાપનું સ્મરણ કરતાં નીકળવું હૃદયભેદક પશ્ચાતાપ બાદ વળાવીયા પાસેથી ભીખ માગી પેટના પોષણ અર્થે રોટલાનો કટકો મેળવે છે, બાદ માંડણનું આવવું માંડલીકે ઓળખી તેને પોતાની દુઃખદ સ્થીતીનો સાથીદાર થવા માટે કહેવું મતલબી નોકરોની પીછાન માંડણના નફટ નિર્લજ અને નિમકહરામી ભરેલા શબ્દો સાંભળી માંડલીકે ઉશ્કેરાઇ તેનું ખુન કરવું ખુન અવાજપર દેવી મણલ તથા નાગાજણનું આવવું માંડલીકને ઓળખી શાન્તવન આપવું બાદ સુલ્તાન મહમ્મુદનું આવવું માંડલીકને રાજદ્રોહ માટે કેદ કરવો મીણલની આજીજીથી ન્યાયી અને દયાળુ સુલ્તાને માફી આપવી પરંતુ પોતે હવે જીવવા નથી માગતો એમ કહી માંડલીકે આપઘાત કરવાની કોશીશ કરવી દેવી નાગલનું પ્રગટ થવું અને ભવિષ્યમાં તું વિરની ગણનામાં ગણાઇ નામના મેળવીશ અને અંતે તારા માટે આ સ્થાન છે એમ કહી શાન્તવન કરવું.

સીન ટ્રાન્સફર—સ્વર્ગનો દેખાવ.

ડ્રોપ.



રા' માંડલીક

—————:o:—————

સ્તુતિ.

સ્વામી શ્રી ગૌરિનંદન જગ વંદન
મંગળમય નાથ તવ શુભ સ્મરણ
દેવ દેવ મંગળકર જગ ત્રાતા
દેજો દીન બાળને શરણ સુખ કરણ સ્વામી

બાળાઓ—

દિવ્યદેશ અમ ઉજ્વળ કરવા
ક્યારે ઉગશે દિવ્ય પ્રભાત દિવ્ય પ્રભાત
અંધકારના વાદળ ભેદી
યદુકુળમણિ દીનમણીના સુણશું ક્યારે નાદ
બંસી નાદ
દેશ દેશની મધુરી મૈયા દિવ્ય અમારી ભરત ભૂમી
સુર મુનિવર યુગ યુગ પોષાયા
જેનાં ચરણ સરોજ ચૂમિ એવી અમ જનની
જગ વિખ્યાત ભારત માત-દિવ્ય

મીણલ–સખીઓ—

ભાવ ભરી બ્હેની ચાલો ચાલો ભગવતીના પારે
પૂજન કરીએ નિર્મળ મનથી ભવ સિંધુ તારે૦ભાવ
કુમ કુમ કેશર ચંદને કલ્યાણી પૂજાય
આંગણુ સિદ્ધિ સ્વર્ગની સંસારે પથરાય.
બ્રહ્માણી રૂદ્રાણી માત અમારી
વેદો વખાણે મા શક્તિ તમારી–હા......રે......ભાવ

નાગણુ–મીણલ— ૨

ધનભાગ્ય મારે આંગણુ આવ્યા
સોરઠના શીરતાજ
વધાવો રાજ કુમ કુમ થાળ ભરીને આજ
ચંદ્ર સુરજ સમ તપો અવિચળ
જગમાં તારૂં તાજ
અન્નદાતા તારી જુગ જુગ કીર્તિ
પ્રસરે મહારાજ—વધાવો.

નાગલ—સોરઠ તણા સુબા અમારે આંગણે આવ્યા
સુરજ ઉગ્યા સોના તણા અમ અંતરે ભાવ્યા
ગિરનારના આધાર મારા ધામ દિપાવ્યાં -આ૦

મીણલ— ૩

કરીએ ના વિશ્વાસ કાયા માયાનો કદી
મૃગજળ કેરા મોહ શા લાગ્યા તને માંડલીક

ચીરંજીવી નથી તારી અમર નથી કાયારે
ઘડી બે ઘડી માટે શું બગાડે મતી
બગાડે મતી તું શાને જુનાગઢ પતી--ઘડી.
રૂપ રંગે શું લોભાણો ભરમે કરતાં ભુલ
રૂપે રૂડાં રળીયામણાં પણ એ શીમળાનાં ફુલ.

સોંધી-- ૪

હાય હું તો હારી ભરવાળા ગમારથી
ભૂંડા ભરથારથી આવા સંસારથી..........હાય.
સોનું જાણીને મેં તો સંગ કર્યો તોરે
કર્મે કથીર મળ્યું સળગું છું ત્યારથી...........હારી.
પહેલાં હું જાણુતી કે જાતે દી ઠારશે
આતો એવા ને એવા રહ્યા શંખભારથી......હારી.

માંડણ-સોંધી-- ૫

બોલો બોલો પ્રીતમજી બોલો પ્રીતમજી
પાછા મને શું સતાવશો
પ્રીતે રીતે મને જો રીઝાવશો
" એમ...........હા.
મને હીરા મોતીથી મઢાવશો
" હા બાઇ હા "
જો જો ખોટાં બ્હાના ના બતાવશો....... ..બોલો.
કારભારણ કામણગારી હું

કારભારી કામણગારો હું
ભરે સલામ લોક હજારો
સોનાના અસ્તરા બનાવી મુંડું આખું ગામ
નાતીલા પણ કબુલ કરે ધાસ્તી ભરેલું કામ
જો જો હરખે હડકાયા થઈ ના જશો.........બોલો.

બેગમ-સાહેલીઓ-- ૬

રસભીની મૃદુલ સુકોમળ બાળ
મંદીર મદન તણાં આવે
રૂડાં હંસ ભૂવન શોભાવે એ હંસી સરોવર આવે
કુસુમ કુસુમ મધુ મધુરાં ભરવા કળી કળી ફેરવવા
મદનરાજને વ્હાલે વધાવા રતી રંગે મન ભાવે આવે
હંસી સરોવર આવે.

બેગમ-સાહેલીઓ-- ૭

અવી ગાલો ગુલાબ તુલ્ય તારા સંભાળ જરી બાળા
ભોગી મધુક[illegible] ે લોભાશે
ચુંબન આ[illegible] [illegible]વશે પાસે
"એમ.....હા"
રસિલાની લુંટાશે ફુલમાળા સંભાળ જરી બાળા
જાઓ બ્હેની મને ના સતાવશો
સ્મીત પુષ્પે વ્હાલમને વધાવશો.
થા કંઠ આ ભૂષણ થા

જા જાણી જાણી તને જા
ડંખ દેશે ગાલે એ રસાળા સંભાળ જરી ગાળા

બાદશાહ-બેગમ-સાહેલીઓ—૮

આવો સાહેલી આવો કુસુમાયુધ લાવો
રસરંગથી આનંદથી ઉછરંગથી
આ મન ઉપવનના રસીક ભ્રમરને શીક્ષા આપવા
ફુલોના બંધન લાવો અંગે અંગે બંધાવો
પુષ્પોના શર વરસાવો
અલબેલાને અકળાવો.
પ્રેમદા પ્રેમી જીવન પ્રાણ
આ બંધનની મીઠી લ્હાણ
સુખની ઘડી સાહેલડી
આ કુસુમ દંડના મીષ્ટ પ્રહારે શીક્ષા આપવા

મોંઘી-હજામડીઓ— ૯

મદઘેલી બ્હેન મોંઘી મદમાતી તારી ચાલ
અલબેલ પણ મોંઘેરા લટકાળા લાલ
ગુલાબી ગાલ તારા ને નયનના ઈશારા
જુવે જો કોઈ સામે તો તરત મોક્ષ પામે.
પાછા ન જન્મ પામે રોકાઈ રહે સ્વધામે.
વાહ જામી મજાની શી જોડી કમાલ
બની જોડી કમાલ (૩)

માંડણુ-સોંધી— ૧૦

રંગ ભીના રસરાજ મારાશ્યામ
ખૂબ ખોલો તરવાર કરો શત્રુનો સંહાર
ચૈનીકોના સરદાર ધરોહામ—રંગ
એતો યુદ્ધનું છે કામ
નહોએ બાપનું એ ગામ
સ્વામી બોલો શું આમ મારા અંતર આરામ
કારભારીના દમામનું ધાસ્તી ભરેલું કામ

અંક ૨ જો.

દરબારી— ૧૧

આનંદ આનંદ આજ આઓ
નૃપવરની યશ કીર્તિ
નીતિ ન્યાયે નીશદીન
જગમાં અવિચળ થાઓ
વિજય વધાઇ રહો જગ છાઇ
અમલ વિમલ આ અમપર
અચળ છત્રપતિ તવ રહો
તપો તેજ સુખી થાઓ.

રાણી— ૧૨

હઉં દોષકોને હાં સમયની જયાં બલિહારી
સમયની જ્યાં બલિહારી મનુષ્યની ત્યાં છે લાચારી

હતો અમ દેશ આતે જ્યાં પ્રભુ અવતાર પણ લેતા
અરે આ દેશ એમાં એ સમયની છેગતી ન્યારી
અમારા દેશનાં ચેતન અમારા તેજને ગૌરવ
અકાળે હાય કરમાયાં હજીએ શી ચનારી છે.

શાણી— ૧૩

વાત જરી વાંચી જુઓ ને ઈતિહાસમાં
ખુવાર થશો પરનારના વિલાસમાં...........વાત.
સીતા સંતાપી રાય રાવણ રોળાણો
દ્રૌપદી દુભાવી દુર્યોધન દબાણો
કીચક મહા પાપી સૈરંધ્રી સંતાપી
ગયો હોમાઈ કાળની હુતાશમાં...........વાત.

સાખી.

પરનારીની પ્રીતડી વિષમ વિષની ખાણ
ઝેર રગે રગ વ્યાપશે પ્રીતમ ખોશો પ્રાણ
સ્વામીન્ પસ્તાશો ખત્તા ખુખ ખાશો
રૌરવ નર્ક જાશો વાત વંઠશે તમારી વિલાસમાં
હાંરે અંત આવશે જમતથી કઠવાસમાં

નાયકા— ૧૪

ખુને જીગરકો પીતી હું બસગમમેં તેરે યાર
શહેરે ચમનસેં ફીરતી હું બસગમમેં તેરે યાર
મય ચુપકે ચુપકે રોતી હું આંસુઓસેં ધોતી

વો કહાં ગયે મેરા મોતી બીના ના સોતી
બસ ગમમેં તેરેયાર—ખુને
દીલ ઉસી કું દીજીએ દીલદાર યારહો
કયા હીંદુ કયા મુસલમાં કદરદાન યારહો.
મેરી નજર જો તુમસેં લડ ગઇ મેંય પલંગસે નીચે
પડ ભઇ વો કહાં ગયે મેરે પ્યારે
મેંય અગ્નિ જેસી જલગઇ બસ ગમમેં તેરેયાર-ખુને

સોંધી-માંડણુ— ૧૫

કરમે ફુટેલા ઠરવાનું છે ના એકે ઠામરે
મનડાના મેલા લાલચમાં ભુલ્યા સર્વે ભાનરે
રહેવાના ખોયાં સર્વે ઠામરે
રખડયા રણવગડે અરે ઇજ્જત થઈ લીલામ
નસીબ દેવી તાહરૂં છે ધારતી ભરેલું કામ
રખડાવી સાથે ફુડી નારરે (૨)
આખર હજામના હજામરે (૩)

સખીઓ— ૧૬

વીજ ચમકેરે મેઘ ગાજે ઘનઘોર
ભીંજે આછી આછી સાલુડાની કોર
રે રાજ વ્હેલા આવોરે
મોર ટહુકેરે માઝમ રાતના ટહુકે છે પેલા મોર
અમારાં હૈયાં ચડાવે ચકડોળ......રે—

ભર જોબનમાં એકલી બાળાબાળે વેષ
હૈયા સુના વ્હાલમા મુકી ગયા શું વિદેશ
વિજલડીર ઉભી જો રહે તો વ્હાલમને કહાવું
એક વાતલડી જો.
સજની સહુણુાને એટલુંજ કહે જે કે
તમ માટે બાળી મેં તો જાતલડી જો.

ચંપક—   ૧૭

સુવાસની મીઠી મઝા લેવા અલી લલચાય
કેતકી પાંખડી ખોલજે મધુકર ગુંજન રહાય
ગુલઝાર ગુલાબથાં આ અહીં મન્દ મન્દ ડોલે
ઝુલતા તરૂની ડાળે મેના મધુર બોલે
શાપંખી હળી મળીને બેઠાં
વળી વાત પરસ્પર કૈ કહેતાં
એના ગાન તાન લાગે મીઠાં
કળીઓ હૃદયની ખોલે—ગુલઝાર.

કેતકી-સખીઓ—   ૧૮

ચાલ સખી ચાલ ચાલ ને ઉતાવળી
આમ અલી શાને બને તું બે બાકળી
અધીરીને આકળી અધીરીને આકળી
કહે તુજને શું થાય
હુંથી કાંઇ ના કળાય
દીસે શાને કરમાતી ચંપાકળી

ચંપક—શું એ ચંપાકળી.........હા ચંપાકળી--(ચાલ.

હાજી—ચાંથી ૧૯

મોરી પીરથી આવો જરા આંખ તો મીલાવો
હું તો તન મન ધન વારી જાઉં તુજપર કુરબાન
અરે જાઓ હાજી જાઓ આમ શાને શરમાઓ
શાહજાદી કરો શાદી હું છું આશક દીલજાન
પ્યારીને પ્રીતે મનાવો પ્હેલાં જરા પ્યારીને પ્રીતે મનાવો
રંગે રીઝાવો
ઝાંઝરને ઝુમણું મઢાવો
શામળીયા ઝાંઝરને ઝુમણું મઢાવો
જાઓજી જાઓ.......આવોજી આવો.......ના
"ભ્રમરનો મારમારી ઘાયલ તેં કરી નાંખ્યો"
"અક્કલ ન વેચ્ચો હાજી રાખોજી હવે રાખો"
"તારા સમ તેં સઘુણી પાણી પાણી કરી નાંખ્યો"

જાનડીઓ— ૨૦

કંકુ છાંટી કંકોતરી મોકલો
માંહી લખજો પરણું છે નવાબ
માણેક સ્તંભ રોપીઓ.
રાજ્ય બક્તો ભેટો લઇને આવશે
હીરા માણેક મોતી અપાર—માણેક
બેટી આપીને બેરી પામશું

ઓઢી ચોફાળશેરો જનાબ
સચીવજી સાંભળો.
જોઇ લેજો બાબત થઇ આમ છે
હાજી કરતાં ધારતી બધું કામ
ગોટાળો ભારે થયો.



અંક ૩ જો.

ચનિહારીઓ— ૨૧

ચાલરે ગાગાર ચાલરે ગાગર જુમનાજી જઇએ
જુમનાજી રળીયામણાંરે ગાગર ઘૂમે—ચાલરે.
સાસુ સસરા તો મારા દિવસે ન દેખે
જેઠ જેઠાણી કોણ લેખે ગાગર ઘુમે—
પરણ્યો મારો તો પીટયો ઉંઘનો છે એદી
હુલી નણંદને પગે મેંદી ગાગર ઘુમે
પાડોશી છેલ કોઇ કુંવર કનૈયો
વારી જાઉં બંસીનો બજઇઓ ગાગર ઘુમે—

હાજી-મોંઘી-માંડણ }
કુંવરી-દિવાન } ૨૨

અરે વાહ કાંધકહાજી આજે ભારે કરી (૩)
આવું શોભેનામાં તમને.
અરેજા મુરખપાજી માને વ્હાલી કહી (૩)
આવું ભાળ્યુંનાબા જગમાં

અરે જા.....................હવે શાખ
બાપુએ રમખાણુ જગાવ્યું
આવું માળું કયાંઇન ભાળ્યું
બનતા નવઢી નાર જુઓ દેદાર
છેના સાર રકઝકમાં
વાહવાહ માજી.........જીત્યાબાજી
હુરથાપાજી.........બન્નેરાજી
વાહદાજી.........વાહદાજી.

કંચનીઓ— ૨૩


જુઠ છોડ સખી ચલ સંગ મેરે તોહે વૃજમે કાન બુલાવત હેય
નહીં તુમ બીન વાકો ચયન પરત નહીં ખાન પાન કચ્છુ
ભાવત હેય
મોરમુગટ નહીં પહેનત હય નહીં અંગ સુગંધ લગાવત હેય
નહીં ધેન ચરાવન જાત સખી વોહે બંસી નાદ ન ભાવત હેય
કયું એસો હીયો તેરો કઠીન ભયો તોહે લાજ શરમ
નહીં આવત હોય
જાકો જોગીજન ધ્યાન ધરત બ્રહ્માદિક પાર ન પાવત હેય
તોરી પ્રીતપે ભુલગયો પ્રભુતા તકસીર વો માફ કરાવત હેય
એક બાત ન જુંઠ કહું સજનિ અખઠયા છતના તરસાવત હેય
પિયા માધોસે અંગે મીલો પ્યારી વોતો તેરાહી નાજ
ઉઠાવત હેય.

ચંપક— ૨૪

જો મરણ એ જીંદગીની છે અરે છેલ્લી દશા
તો પરાર્થે અર્પવામાં આ જીવનના મોહ શા
ખીલી ખરી કરમાય છે પુષ્પો મુકે પણ વાસના
અમર જરતો તે ખરા જે અમર કરતા વાસના
મારા તમે પરમાત્મા હું છું તમારો આત્મા
પરમાત્મને શરણે જતાં કૃત કૃત્ય થાતો આત્મા.

મોંઘી–હાજી— ૨૫

પ્યારા પ્રિયતમ રસરાજ અમને આજ રીઝાવો
છટકાળી લલના કાજ સો શણગાર મંગાવો
સાચી સાડી ચોળી લાવો પાટણના પટકુળ મંગાવો
હીરા મોતી ટાંકી પટકુળે પાડી ભાત કસબી કોર મુકાવો
લાડ લડાવું તમને શાણી જે માગો તે આપું આણી
હોંશે સ્વામી મારા મનડાના પુરો કોડ
મોંઘી હાઉસ બંધાવો.



જાહેર ખબર.

નીચે છપેલાં પુસ્તકો શ્રી આર્ય નૈતિક નાટક સમાજ મુકામ જ્યાં હોય ત્યાંથી મળશે. માટે જેઓ સાહેબને જોઈતાં હોય તેઓએ રોકડી કીંમતે મંગાવી લેવાં. વી. પી. થી મોકલવામાં આવશે નહી.

	ચોપડીનાં નામ	કીંમત રૂ. આ.
૧	આર્યવિજય નાટકનાં ગાયનો	૦–૨–
૨	અમર યોગીંદ્ર	૧–૨–
૩	બાદશાહી તીર	૦–૨–
૪	પ્રતાપી પ્રમિલા (ભાષણ સહિત)	૦–૮–
૫	ચિતોડનો કરણ ,, ...	૦–૮–
૬	કામલતા ,, ...	૦–૮–
૭	સત્યવાદી હરિશ્ચંદ્ર ,, ...	૦–૮–
૮	વસુમતી યાને બેધારી તલવાર (આવૃત્તિ ૩ જી)...	૦–૩–૦
૯	બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર (આવૃત્તિ ૪થી)... ...	૦–[illegible]
૧૦	સરોજની (,, ૪થી)... ...	૦–[illegible]
૧૧	પરશુરામ (,, ૮મી)... ...	૦–[illegible]
૧૨	ઇન્દ્રાણી (,, ૭મી)...	૦–[illegible]
૧૩	સરસ્વતી ચંદ્ર (,, ૧૦મી)... ...	૦–[illegible]
૧૪	સતી તોરલ (,, ૬ ઠી)... ...	૦–[illegible]
૧૫	ગુજરાતનો પુંડલીક (,, ૫ મી)... ...	૦–[illegible]
૧૬	સતી પદ્માવતી (યાને જયદેવ) (આ. ૨ જી) ...	૦–[illegible]
૧૭	સૂર્યકુમારી (આ. ૭ મી)...	૦–[illegible]
૧૮	સ્વદેશ સેવા (આવૃત્તિ ૬ ઠી)	૦–[illegible]
૧૯	'રા' માંડલીક (આવૃત્તિ ૨ જી)	૦–[illegible]

નકુભાઈ કાલુભાઈ શાહ.

માલેક—શ્રી આર્ય નૈતીક નાટક સમાજ.